જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૬/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૩૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૫૪ લીટર દેશી દારૂ, ૯૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૫૫૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ,૧૬૭૬ બીયર ટીન, ૦૩ સ્કુટર અને ૦૩ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૨૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૮૩૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૮૪૦/૨૦૨૬**

સેટેલાઈટઃ નોવાટલ હોટલની સામે “ધ રીજ” ખાતે બીજા અને ત્રીજા માળે આવેલ “રત્નાફીન કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ” એસોસીએટ વાઈસ પ્રેસિડેન્ટ(લીગલ)નો હોદ્દો ધરાવતા દિવાંક અવધેશકુમાર ત્રિપાઠી (ઉ.વ.૩૪) (રહે.જલદીપ વિભાગ–૦૨, સાઉથ બોપલ) એ તા.૧૫/૦૬/૨૦૨૬ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૫/૨૦૨૫ થી તા.૦૧/૦૨/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન “રત્નાફીન કેપીટલ પ્રા.લી” ખાતે કર્મચારી તરીકે કામ કરતા દર્શિલભાઇ શૈલેષભાઈ રાવલ (રહે, સન એટમોસફીયર, ક્લબ–ઓ–૦૭ સામે, શેલા) એ કંપનીમાં લોન લેતા ૯૮ ગ્રાહકોના ડોક્યુમેન્ટ પ્રોસેસીંગ ફી પેટેના રૂપિયા ૩,૪૨,૨૦૦/–, સબસીટીના રૂપિયા લોન ખાતામાં જમા કરાવવા માંગતા હોઈ તેવા કુલ ૧૧ ગ્રાહકોના રૂપિયા ૮,૪૪,૦૫૦/– તથા લોન ક્લોઝ કરવા માંગતા ૦૩ ગ્રાહકો પાસેથી રૂપિયા ૪,૮૫,૫૮૭/– તેમજ એડવાન્સ પેટે ૦૨ ગ્રાહકો પાસેથી રૂપિયા ૨૧,૧૧૪/– મળી કુલ રૂપિયા ૧૬,૯૨,૯૫૧/– પોતાના અંગત બેંક ખાતામાં મેળવી લઇ, તેમજ કંપનીના નામનો ખોટો બનાવટી લોન ક્લોઝર એન.ઓ.સી. લેટર બનાવી ગ્રાહકને ઈ–મેઇલ થી મોકલી આપી, કંપની દ્વારા લીધેલ રૂપિયા જમા કરાવવાનું જણાવતા દર્શીલ શૈલેષભાઈ રાવલ નાઓએ કંપનીમાં ફકત રૂપિયા ૨,૨૦,૪૬૬/– ઓનલાઈન તથા ટુકડે–ટુકડે બેંકમાં જમા કરાવી દઇ બાકી લેણા રૂપિયા ૧૪,૭૨,૪૮૫/– કંપનીમાં જમા નહી કરાવી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી સંદીપભાઈ અંબારામભાઈ ચલાવે છે.

ક્રાઈમ બ્રાંચઃ ધ્રુવ સ/ઓ વિક્રમભાઈ સુમતીલાલ શાહ (ઉ.વ.૨૯)(રહે. સુપન એપાર્ટમેન્ટ, આંગન પાર્ટી પ્લોટ પાસે, જોધપુર ગામ, સેટેલાઈટ) એ તા.૧૫/૦૬/૨૦૨૬ ના રોજ ક્રાઈમ બ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૧૦/૨૦૨૫ થી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન સી.જી.રોડ આંબાવાડી લાલ બંગ્લોઝ ન્યુ સ્વાગત બિલ્ડીંગ પાસે સત્કાર કોમ્પલેક્ષ દુકાન નંબર-૮ ખાતે આવેલ પોતાની "સત્વ ગોલ્ડ લીમીટેડ" કંપની પાસેથી આરોપી (૧) હરિ જવેલર્સ પેઢી (ઠે. વોર્ડ નં.૨, ૪૫૦/૧/૩ મહાજન કોમ્પલેક્ષ ઘોળકા) (૨) ઘનશ્યામભાઇ S/o ગુણવંતભાઇ સોની (૩) યશ S/o ઘનશ્યામભાઇ સોની (બંન્ને રહે.રૂક્ષમણી સોસાયટી સરસ્વતી સ્કુલ પાછળ ઘોળકા) એ ભેગામળી "સત્વ ગોલ્ડ લીમીટેડ" કંપનીમાંથી હોલસેલના ભાવે જુદી-જુદી ડીઝાઈનના સોનાના દાગીનાઓ (૧) ૧૮ કેરેટ સોનાના દાગીના કિંમત રૂપિયા ૮,૬૧,૬૨૬/- (૨) ૨૨ કેરેટ સોનાના દાગીના કિંમત રૂપિયા ૧,૭૦,૩૩,૪૨૦/- ના મળી કુલ રૂપિયા ૧,૭૮,૯૫,૦૪૬/- તથા તેના પર ૩% જી.એસ.ટી. મળી કુલ રૂપિયા ૧,૮૪,૩૧,૮૯૮/- ના ખરીદ કરેલ હતા. જે દાગીનાનું "હરિ જવેલર્સ" પેઢીના નામનું બીલ બનાવી તેઓને મોકલી આપેલ અને દાગીનાના નાણાં માર્કેટ ક્રેડીટ પ્રમાણે પંદરથી ત્રીસ દિવસમાં ચુકવવાનુ હોવા છતાં દાગીના પેટેના નાણાં આજદિન સુધી નહી ચુકવી તેમજ માલ પણ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એલ.રાવલ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર ચાદી નં.૮૪૧/૨૦૨૬**

"એન" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ મોહમદગુફરાન મોહમદરહીશ કુરેશી (રહે. જૈનુલ પાર્ક મુસ્કાન ગાર્ડન પાસે જુહાપુરા વેજલપુર) એ "એન" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૬/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના કાકાના પુત્ર એઝાઝ અહેમદ કુરેશી (ઉ.વ.૩૩)(રહે. જૈનુલ પાર્ક મુસ્કાન ગાર્ડન પાસે જુહાપુરા વેજલપુર) નાઓ સાથે ટુ વ્હિલર ચલાવી આંબલી બોપલ રોડ નોવેર ઈન્ટરનેશનલ બિલ્ડીંગ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે જીજે ૦૧ એચટી ૨૫૪૨ મિક્ષર ગાડીના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી, ટુ-વ્હિલરને ટક્કર મારતા બંને ટુ વ્હિલર ઉપરથી પડી ગયા હતા. ટુ વ્હિલર પાછળ બેસેલ મોહમદગુફરાન કુરેશીના કાકાના પુત્ર એઝાઝ અહેમદ કુરેશી નાઓને શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ એઝાઝ અહેમદ કુરેશી નાઓને મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.ડી.સોઢા ચલાવે છે.

દિવાલ પડતા મૃત્યુઃ- **સમાચાર ચાદી નં.૮૪૨/૨૦૨૬**

નારોલઃ શાંતિલાલ મોહનલાલ (ઉ.વ.૩૬)(રહે. આભાપુરા ઠીકરીયા બાંસવાડા રાજસ્થાન)નાઓ તા.૧૪/૦૬/૨૦૨૬ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા નારોલ શાહવાડી "શ્રીરામ ટેનામેન્ટ" ખાતે કામ કરતા હતા ત્યારે દિવાલ પડતા શાંતિલાલને શરીરે ગંભીર ઈજા થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૬/૨૦૨૬ ના કલાક ૪/૫૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.સેરશીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી